## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**અમારા જમાનામાં આવા ડે ઊજવતા નતા... વૃક્ષો વાવવાની વાતો જરાય ન કરતા... પણ વૃક્ષો જરૂર વાવવતા...!!!**

# શહેરના યુવકની ઈકો બાકી પૈસા આપ્યા વિના બારોબાર વેચી મારી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭ ખાતે રહેતા અને અમદાવાદ સમુધ્ધ ડેરીમાં નોકરી કરતા ભરત અરજણભાઈ રબારીએ વર્ષ ૨૦૧૯માં રૂ.૧.૪૫ લાખ ડાઉન પેમેન્ટ ભરીને ઈકો કાર નં. જી.જે.૦૪.એ.એફ.-૭૭૫૨ લાવ્યા હતા.

જયારે બાકીના રૂપીયાની મહેન્દ્ર ફાયનાન્સની લોન હતી. જેથી ઈકોનો હપ્તો મહિને રૂ.૧૧ હજારનો આવતો હતો. ભરતભાઈએ ૯ હપ્તા ભર્યા હતા. જયારે ગત જુલાઈ-૨૦૨૦માં ભરતભાઈના પત્ની અને બાળકોની તબિયત નાદુરસ્ત હોવાથી તેઓ ગાડી વેચી મારવાનું નકકી કર્યુ હતું.

જેથી ભરતભાઈએ ગાડી વેચવા માટે તેમના સાળાને વાત કરતા તેમણે તેમના પરિચિત સુખદાન ગઢવીને વાત કરી હતી. જેથી સુખદાન ગઢવી સરખેજ રહેતા અયુબ સુલેમન મોમીન લઈને ગાડી બતાવવા માટે આવ્યા હતા. ઈકો ગાડી પસંદ આવતા વેચાણ સોદો નક્કી થયો હતો. જેમાં રૂ.૨ લાખ રોકડા આપવાના અને ગાડીના લોનના હપ્તા વેચાણ લેનાર પાર્ટીએ તાત્કાલીક ભરી બેંકમાંથી એનઓસી સર્ટી મેળવીને ગાડી ટ્રાન્સફર કરી આપવાનું નક્કી કર્યુ હતું.

જેથી વેચાણ લેનાર અયુબભાઈએ રૂ.૧ લાખ રોકડા આપ્યા હતા. જયારે બાકીના રૂ. ૧ લાખ લોનના હપ્તા કલીયર થયા પછી આરટીઓમાં ગાડી ટ્રાન્સફર કરવાના સમયે અઠવાડીયા દશ દિવસમાં આપવાના વાત થઈ હતી. જેથી ભરતભાઈએ ગાડીની આરસી બુક, તેમજ ગાડી આપી દીધી હતી. ત્યારબાદ દવાખાનાથી ફ્રી થઈને ભરતભાઈએ અયુબભાઈનો સંપર્ક કર્યો હતો.જેથી તેમણે જણાવ્યું હતુ કે હાલમાં બેંક લોન ભરવાના પૈસાની સગવડ થઈ નથી થોડા દિવસમાં સગવડ કરી પૈસા ભરી દઈ તમારા રૂ.૧ લાખ પણ આપીને ગાડી ટ્રાન્સફર કરાવી દઈશ. જેથી થોડા થોડા દિવસે તેમનો સંપર્ક કરતા ખોટા ખોટા વાયદા કરતા હતા. બેંકમાં તપાસ કરતા લોનની રકમ પણ ભરપાઈ કરી ન હતી. જયારે અયુબભાઈએ મહેસાણાના બે ત્રાહીત વ્યકિતને ગાડી વેચી મારી છે. ત્યારે ગાડીના બાકીના રૂ.૧ લાખ ભરતભાઈને આપ્યા નથી, બેંક લોન પણ ભરપાઈ કરી નથી અને ગાડી બારોબાર વેચાણ કરી દેતા ભરતભાઈએ પોલીસ મથકે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● આજે મુખ્ય સેવિકા અને ગ્રામસેવક સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

● સે. ૨૭ના ગ્રીનસીટી વિસ્તારના સદ્‌ભાવના ગાર્ડનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

● આજે દહેગામ-કલોલ અને ગાંધીનગરમાં કારકિર્દી માર્ગદર્શનના સેમિનાર યોજાશે.

● ગાંધીનગર શહેર ભાજપ દ્વારા પેથાપુર ખાતે મહિલા સંમેલન યોજાયુ હતુ.

● ગાંધીનગર શહેરમાં છેવાડાના સેક્ટરોમાં છેલ્લા એક સપ્તાહથી કપિરાજો ભારે આતંક મચાવી રહ્યા છે તેમજ વાહનોને નુકશાન પહોંચાડી રહ્યા છે. વનતંત્રએ યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

● જિલ્લાના માણસા તાલુકામાં પિયતની સુવિધા ધરાવતા ખેડૂતોએ કપાસની વાવણીનો આરંભ કર્યો છે.

● ગાંધીનર જિલ્લામાં પુનઃ હીટવેવ શરૂ થતાં સૌ ચિંતામાં ગરકાવ થયા છે અને ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવા આર.એમ.ઓ. તરીકે ડૉ. એન.કે. પરમાર હાજર થયા છે. તેઓ બોટાદથી બદલી થઈ અહિ આવ્યા છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના વેક્સીનેશનની કામગીરી ધીમી પડી હોઈ તંત્ર હવે પુનઃ હર ઘર દસ્તકની યોજના અમલી બનાવવા વિચારણા કરી રહેલ છે.



આપણે જેમ પુસ્તકો વાંચવાની અને વડીલોને સન્માન આપવાની ટેવ આપણાં બાળકોને પાડીએ છીએ, એમ વૃક્ષ વાવવાની અને એની માવજત કરવાની ટેવ પણ નવી પેઢીને પાડવી જોઈએ. જેથી એમનું ભવિષ્ય ઉજળું બને અને પર્યાવરણ સંતુલિત રહે. આ જ આશયથી ગાંધીનગરના ફ્રેન્ડસ ગ્રુપના મનોજભાઈ જોષીએ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે ચરેડી ખાતે વૃક્ષની વાવણી કરી પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી.

# શહેરના ૬-૭ કટ પાસે કાર ચાલકે બાઈકને ટક્કર મારતા બે ને ઈજા

ગાંધીનગર, તા.૫

શહેરના ઘ માર્ગ પર ગતરોજ સવારના સમયે સેકટર-૬-૭ ના કટ પાસે બાઈક-કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર બે વ્યકિતને ઈજા પહોંચી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૭ ગાયત્રીનગર સોસાયટી મકાન નં.૩૯૭ ખાતે રહેતા છગનભાઈ જીવણભાઈ મકવાણા પોતાના પરિવાર સાથે રહે છે. જયારે સેકટર-૬ અપના બજાર સામે છગનભાઈ અને તેમનો દિકરો મનોજભાઈ ગુજરાત દાળવડા ની દુકાન ચલાવે છે. ત્યારે ગત તા.૪ ના રોજ સવારના ૯ વાગ્યાના અરસામાં છગનભાઈ અને તેમનો દિકરો મોટર સાયકલ નં. જી.જે.૧૮.એ.એલ.-૫૭૭૯ પર બેસી નિત્યક્રમ મુજબ ઘરેથી નીકળીને વેપારના સ્થળે સેકટર-૬ ખાતે આવી રહ્યા હતા. તે સમયે મનોજ બાઈક ચલાવતો હતો અને છગનભાઈ પાછળ બેઠેલા હતા.ત્યારે ઘ માર્ગ પર સેકટર-૬-૭ ના કટ પાસે સવારના ૯ વાગ્યાના અરસામાં કાર નં. જી.જે.૧૮.બી.એલ.-૪૫૬૭ના ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારતા બાપ-દિકરો બંન્ને નીચે પડી ગયા હતા. અકસ્માત સર્જાતા રાહદારીઓનું ટોળુ એકઠુ થઈ ગયુ હતું. જયારે બનાવમાં પિતા છગનભાઈને શરીરે તેમજ મનોજને વત્તા ઓછી ઈજા થઈ હતી. જયારે બંને ઈજાગ્રસ્તને સારવાર માટે સિવિલ ખસેડાયા હતા. જયાં ફરજ પરના ડોકટરે છગનભાઈને ઓપીડી સારવાર આપી રજા આપી હતી. જયારે ફરીયાદીના દિકરા મનોજભાઈને વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. જયાં હાલ સારવાર હેઠળ છે. જયારે કાર ચાલક અકસ્માત બાદ ભાગી ગયો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# આંગણવાડી સુપરવાઈઝરના ઘરમાં તસ્કરો ત્રાટકયા : ૯૦ હજારની ચોરી

**સવારે ૧૧ થી ૨ દરમિયાન ઘરનુ તાળુ તોડી અંદર પ્રવેશી સોનાની ચેઈન અને રોકડા રૂ.૨૦ હજાર લઈ તસ્કરો ફરાર**

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટર-૩૦ ખાતે તાલુકા પંચાયત આંગણવાડીમાં સુપરવાઈઝર તરીકે કામ કરતા મહિલા કર્મચારીના ઘરને તસ્કરોએ ધોળા દિવસે નિશાન બનાવ્યું છે. ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી તિજોરીમાંથી સોનાની ચેઈન અને રોકડા રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૯૦ હજાર મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. ત્યારે બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પાટનગરમાં તસ્કરોએ ફરીવાર માથુ ઉંચક્યું હોય તેવુ લાગી રહ્યું છે. ગાંધીનગર શહેરના સેકટર-૩૦ સરકારી મકાન બ્લોક નં.૨-૨ નિલમબેન પ્રિતેશકુમાર કંસારા પોતાના પરિવાર સાથે રહે છે. જયારે તાલુકા પંચાયતમાં આંગણવાડી સુપરવાઈઝર તરીકે છેલ્લા બે વર્ષથી નિલમબેન ફરજ બજાવે છે. ગઈકાલે સવારે સાડા દશ વાગે નિલમબેન તેમજ તેમની દિકરી રાજવી બંને ઉપરોકત નોકરીવાળા સ્થળે જવા માટે નીકળ્યા હતા. ત્યારબાદ ફરીયાદી અને તેમની દિકરી બપોરે સવા બે વાગે ઘરે પરત ફર્યા હતા. તે સમયે નિલમબેનના ઘરનુ તાળુ તુટેલી હાલતમાં હતું અને ઘરમાં સામાન વેરણ-છેરણ પડ્યો હતો.જયારે તિજોરી પણ ખુલ્લી પડી હતી. નિલમબેને ઘરમાં તપાસ કરતા સવા તોલાની ચેઈન કિં.૭૦,૦૦૦ અને રોકડા રૂ.૨૦,૦૦૦ મળી કુલ રૂ.૯૦,૦૦૦ ની ચોરી થવા પામી છે. ત્યારે સવારના સમયે જ તસ્કરો એ ઘરમાં હાથફેરો કરતા સ્થાનિક વસાહતીઓમાં પણ ભયનું વાતાવરણ સર્જાયું છે. ત્યારે બનાવ અંગે નિલમબેનને સોકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરના સેકટર-૨૪ ખાતેના જનઔષધિ સ્ટોરધારક દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જનઔષધિ સ્ટોરધારક ફોરમ ગજ્જરે વૃક્ષ વાવીને તેને જનઔષધિ વૃક્ષ નામ આપ્યું હતું તેમજ તેની સારસંભાળની તમામ જવાબદારી ઉપાડવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# પ્રેક્ષાભારતીના બંધ મકાનમાંથી ચોર શખ્સો પંખા, નળ, એસીના કોમ્પ્રેશર ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક કોબા પ્રેક્ષા વિશ્વભારતીના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા. તસ્કરોને રૂપીયા કે કોઈ કિંમતી વસ્તુ હાથ ના આવતા આખરે મકાનમાં લગાવેલા સાત પંખા, બે એસીના કોમ્પ્રેશર, બાથરૂમના નળ, ગેસ સિલિન્ડર, પાણીની મોટર સહિતના સામાનની ચોરી કરી ગયા છે. ત્યારે ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૨૦,૬૦૦ ની મત્તાની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ લો ગાર્ડન સોસાયટી ખાતે રહેતા ૭૮ વર્ષિય મૃદુલાબેન બાદરમલ જૈનનું કોબા પ્રેક્ષા ભારતીમાં મકાન આવેલુ છે. પરંતુ મકાનનો ઉપયોગ નહીવત હોવાથી તે બંધ હાલતમાં છે. કેટલીકવાર મૃદુલાબેન મકાનની સાફ સફાઈ માટે આવનજાવન કરે છે.ત્યારે મૃદુલાબેન પુત્ર વધુ ને લઈને કોબા પ્રેક્ષાભારતી ખાતે મકાનની સાફ સફાઈ માટે આવ્યા હતા. ત્યારે ઘરનો મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. જયારે ઘરમાં સામાન વેર વિખેર પડ્યો હતો. ઘરમાં બેડરૂમ, ડ્રોઈંગરૂમ તેમજ રસોડામાં લગાવેલા પંખા ગાયબ હતા. જયારે રસોડામાંથી ગેસનો બાટલો પણ ચોર શખ્સ ઉઠાવી ગયા છે. જયારે ઉપરના માળે રૂમમાં લગાવેલા પંખા, એસીના કોમ્પ્રેશર, બાથરૂમમાંથી નળ અને પાણીની ઈલેક્ટ્રીક મોટર સહિતના સામાનની ચોરી કરી પલાયન થઈ ગયા છે.ત્યારે ચોર શખ્સો મોંઘીદાટ વસ્તુઓ તો ઠીક પરંતુ હવે મોંઘવારીમાં નાની ચીજવસ્તુઓ પણ ચોરી કરતા અચકાતા નથી. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.



સેક્ટર-૧૨ રાજપૂત સમાજ ભવન ખાતે જીવનસાથી પરીચય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં સમાજના યુવાન દિકરા-દિકરીઓએ આ પરીચય મેળામાં ભાગ લીધો હતો.



વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે બરોડા ગુજરાત ગ્રામિણ બેન્ક, સેક્ટર-૭-ડીના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. બેંકના કર્મચારીઓ પ્રદીપ સોલંકી, મનિષ જોષી, સામાજિક કાર્યકર ગિરીભાઈ શર્મા, સરકારી વકીલ જીગ્નેશભાઈ જોષી તથા પ્રિતેષભાઈ વ્યાસ, પર્યાવરણ મિત્ર મનોજભાઈ ઠક્કર દ્વારા ઠંડક આપતા ઉપયોગી એવા વડ, પીપળ, કણજી જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

# સાદરામાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૫

સાદરા ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત ગાંધીનગરના સહયોગથી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના ઉપાસના ખંડમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્થળ ઉપર જ આજુબાજુના સાત ગામોના પરિવાર સભ્યોનાં આધારકાર્ડ, રેશનકાર્ડ, જન્મ-મરણ નોંધણી અને દાખલામાં સાતબારના ઉતારામાં નામ ઉમેરવા તથા નામ કમી કરવાનો નિકાલ કરી ગ્રામજનોના પ્રશ્નો હલ કરવામાં આવ્યા હતા. સેવાસેતુ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ, ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, મામલતદાર, ઈનચાર્જ તાલુકા વિકાસ અધિકારી, અશોક દેસાઈ, સરપંચ મહેશ રાવલ, ડેલીકેટ નિલય પટેલ અને આચાર્ય તેજશ ઠાકરના હસ્તે દીપ પ્રાગટ્યથી કરાયુ હતુ. દિકરીઓનો જન્મ થયો હોય તેવા માતૃ-પિતાને વાલી દિકરી યોજના હેઠળ એક લાખનાં સર્ટી અપાયા હતા. સરકારશ્રીના આરોગ્ય વિભાગ દ્વારા હોમિયોપેથી, આયુર્વેદીક અને એલોપેથી દવાઓ વિનામૂલ્યે આપવાની વ્યવસ્થા ગોઠવી લાભાર્થીઓને રોગ નિદાન સાથે દવાઓ આપી ગ્રામ આરોગ્યની સુખાકારીનું કાર્ય થયુ હતુ. અનેક વિવિધ લાભો સાથે ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓસભર સેવાસેતુ કાર્યક્રમ સવારે ૯ વાગે શરૂ થયો હતો અને સાંજના ૫ વાગે પુરો થયો હતો.

# ચિલોડા સેવા કેન્દ્રમાં આદરણીય સરલાદીદીની પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાસુમન કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૫

ઓમ શાંતિ પરમ શ્રદ્ધીય પરમ આદરણીય સરલાદીદીજીની પુણ્યતિથિ નિમિત્તે ચિલોડા સેવા કેન્દ્ર ખાતે આદરણીય રાજયોગિની અમરદીદી અને દિપ્તિબેંક પ્રારેની ઉપસ્થિતિમાં બાબાને ભોગ અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પી કરી હતી. સરલાદીદીએ બાબાના સંદેશ સાથે સર્વે બ્રાહ્મણોને લાભ અપાયો હતો. સરલાદીદીની શ્રદ્ધાંજલિરૂપે ગરીબોને અન્નની કિટ અર્પણ કરી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ વી.આર. પ્રજાપતિ, પી.આઈ. એમજી. જાડેજા, અગ્રણી જયમીનભાઈ પટેલ, મંડળીના સેક્રેટરી જયંતિભાઈ પટેલ, નટુભાઈ પટેલ પત્રકાર તથા અધિકારીગણ વગેરે મહાનુભાવોએ સરલાદીદીને શ્રદ્ધાસુમન કર્યા હતા. આ કાર્યક્રમમાં સર્વે મહેમાનો અને બ્રહ્મા ભાઈ બહેનોએ બ્રહ્મભોજનનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં રાજયોગિની, ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા તારાદીદી દ્વારા સુંદર કાર્યક્રમનું આયોજનથી સરલાદીદીની પુણ્યતિથિની ઉજવણી મનાવવામાં આવી હતી.


## PUBLIC NOTICE

**In The High Court of Gujarat at Ahmedabad**
**R/Special Civil Application No. 4881 of 2002**
**with Civil Application No. 1 of 2002**
**with Civil Application No. 1 of 2004**
**with Civil Application No. 2 of 2019**
**with Civil Application No. 1 of 2020**
**with Civil Application No. 3 of 2021**

District : Ahmedabad

MR. J. SAGAR ASSOCIATES Advocate for the Petitioner(s)

KARSHANDAS B. MAKADIA & 47 - Petitioner(s)

V/S

STATE OF GUJARAT & 56 - Respondent(s)

To,

1. **State of Gujarat,** Thro. Secretary Revenue Department, Block-11, 4th Floor, New Sachivalaya Gandhinagar
2. **Sub Registrar of Documents** Gandhinagar at Multistoried Bldg., Near Pathik Ashram, Gandhinagar
3. **Talati Cum Mantri,** Nabhoi Village Panchayat & Dist. Gandhinagar
4. **Suvidha Engineers** A-305, Krishna Complex, Beside Hotel Hyderabadi Biryani, Opp. Devashish School, Bodakdev, Ahmedabad. (Amended as per Hon'ble Courts Order Dtd. 28/07/2016)
5. **Ashok Goswamy**, A-305, Krishna Complex, Beside Hotel Hyderabadi Biryani, Opp. Devashish School, Bodakdev, Ahmedabad. (Amended as per Hon'ble Courts Order Dtd. 28/07/2016)
6. **Anup Goswamy,** A-305, Krishna Complex, Beside Hotel Hyderabadi Biryani, Opp. Devashish School, Bodakdev, Ahmedabad. (Amended as per Hon'ble Courts Order Dtd. 28/07/2016)
7. **Kishore Goswamy,** A-305, Krishna Complex, Beside Hotel Hyderabadi Biryani, Opp. Devashish School, Bodakdev, Ahmedabad. (Amended as per Hon'ble Courts Order Dtd. 28/07/2016)

8.1. **Mayabhai Sangrambhai Bharwad,** At Nabhoi, Dist. Gandhinagar (Amended as per Hon'ble Court's Order Dated 08.12.2016 in CA/12482/16)
8.2. **Ranchhodbhai Sangrambhai Bharwad,** at Nabhoi, Dist. Gandhinagar (Amended as per Hon'ble Court's Order Dated 08.12.2016 in CA/12482/16)
8.3. **Chaganbhai Sangrambhai Bharwad,** at Nabhoi, Dist. Gandhinagar (Amended as per Hon'ble Court's Order Dated 08.12.2016 in CA/12482/16)
8.4. **Ramuben Sangrambhai Bharwad,** at Nabhoi, Dist. Gandhinagar (Amended as per Hon'ble Court's Order Dated 08.12.2016 in CA/12482/16)
8.5. **Beniben Sangrambhai Bharwad,** at Nabhoi, Dist. Gandhinagar (Amended as per Hon'ble Court's Order Dated 08.12.2016 in CA/12482/16)
8.6. **Amroben Sangrambhai Bharwad,** at Nabhoi, Dist. Gandhinagar (Amended as Per Hon'ble Court's Order Dated 08.12.2016 in CA/12482/16)
8.7. **Shakiben Sangrambhai Bharwad,** at Nabhoi, Dist. Gandhinagar (Amended as Per Hon'ble Court's Order Dated 08.12.2016 in CA/12482/16)

9. **Vashrambhai Sangrambhai Bharwad,** Village Nabhoi Dist. Gandhinagar
10. **Sitaben Chanduji, W/o Chanduji Chhaganji, Fulaji** at Village, Nabhoi, Dist. Gandhinagar
11. **Minor Kashiben D/o. Chanduji Chhaganji Fulaji,** Throu. Guardian Sitaben Chanduji, at Village Nabhoi, Tal. Dist. Gandhinagar.
12. **Gokaji Kanuji Mangaji,** Village Nabhoi, Tal. and Dist. Gandhinagar
14. **Punjiben D/o. Decd. Mafaji Mangaji W/o. Shantiji, Pujaji Thakore,** Village Nikol, Tal. City, Dist. Ahmedabad.
15. **Jeebaben D/o. Decd. Mafaji Mangaji** Village Nikol, Tal. City, Dist. Ahmedabad.
16. **Manguben D/o. Decd. Mafaji Mangaji** Village Nikol, Tal. City, Dist. Ahmedabad.
17. **Sajjanben D/o Mafaji Mangaji,** Village Adalaj, at. Dist. Gandhinagar

18.1. **Sarlaben W/o Bhikhaji, Charutji Thakore** Vill. Nabhoi, Dist. Gandhinagar, Amendment as per Honourable Court's Order, Dated 27/09/19 in CA 1/18
18.2. **Anitaben D/0 Bhikhaji Charutji Thakore** Vill. Nabhoi, Dist. Gandhinagar, Amendment as per Honourable Court's Order Dated 27/09/19 in CA 1/18
18.3. **Vinodji Bhikhaji S/o Chaturji Thakore** Vill. Nabhoi, Dist. Gandhinagar, Amendment as per Honourable Court's Order Dated 27/09/19 in CA 1/18

19. **Santokben D/o. Chaturji Raiji W/o. Madhaji Mangaji,** Adalaj, Tal. Dist. Gandhinagar.
20. **Karanbhai Sangrambhai P.O.A. of Vashrambhai Sagrambhai,** Village Nabhoi, Tal. Dist. Gandhinagar.

22.1. **Reshamben W/o Somaji Mathurji Thakore,** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment as per Honourable Court's Order Dated 27/09/19 in CS 1/18
22.2. **Jayantiji S/o Somaji Mathurji Thakore,** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment as per Honourable Court's Order Dated 27/09/19 in CS 1/18
22.3. **Gajiben D/o Somaji Mathurji Thakore,** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment as per Honourable Court's Order Dated 27/09/19 in CS 1/18

23. **Manguben Mahotji W/o. Mahotji Dhulaji,** Village Nabhoi, Tal. Dist. Gandhinagar.
24. **Hansaben Mahotji D/o. Decd. Mahotji Dhulaji,** Village Adalaj, Dist. Gandhinagar.
25. **Nainaben Mahotji D/o. Decd. Mahotji Dhulaji,** Village Adalaj, Dist. Gandhinagar.
26. **Popat Mahotji Dhulaji,** Village Nabhoi, Tal. Dist. Gandhinagar.
27. **Dahiben W/o. Shankarji Mahiji Heir of Decd. Shankerji Mahiji,** Village Nabhoi, Tal. Dist. Gandhinagar.

28.1. **Bebiben W/o Prahlatji Shanjerji** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment as per Honourable Court's Order Dated 27/09/19 in CA 1/18
28.2. **Nagarji S/o Prahalatji Shanjerji** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment As Per Honourable Court's Order Dated 27/09/19 in CA 1/18
28.3. **Shravanji S/o Prahlatji Shanjerji,** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment As Per Honourable Court's Order Dated 27/09/19 in CA 1/18
28.4. **Laxmiben D/o Prahlatji Shanjerji,** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment As Per Honourable Court's Order Dated 27/09/19 in CA 1/18
28.5. **Gitaben D/o Prahalatji Shanjerji,** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment As Per Honourable Court's Order Dated 27/09/19 in CA 1/18

29. **Karsanji Shankerji Heir of Decd. Shankerji Mahiji,** Village Nabhoi, Tal. Dist. Gandhinagar.
30. **Prabatji Shankerji Heir of Decd. Shankerji Mahiji**, village Nabhoi, Tal. Dist. Gandhinagar.
31. **Ranjitji Shankerji Heir of Decd. Shankerji Mahiji**, village Nabhoi, Tal. Dist. Gandhinagar.
32. **Sitaben D/o. Shankerji Mahiji and W/o. Badarji Thakore** Village Adalaj, Tal. Dist. Gandhinagar.
33. **Kantaben W/o. Bhikaji Visaji,** Village : Nabhoi, Tal. Dist. Gandhinagar.
34. **Ashokbhai Bhikaji Heir of Decd. Bhikaji Visaji,** village Nabhoi, Dist. Gandhinagar.
35. **Dineshbhai Bhikaji Heir of Decd. Bhikaji Visaji,** Village Nabhoi, Dist. Gandhinagar.
36. **Mahendrabhai Alias Gopalbhai Bhikaji Heir of Decd. Bhikaji Visaji**, Village Nabhoi, Dist. Gandhinagar.
37. **Maniben W/o. Deceased Mangaji Fulaji,** Village Nabhoi, Tal / Dist. Gandhinagar.
38. **Kanaji Mangaji,** Village Nabhoi, Tal/Dist. Gandhinagar.
39. **Lakhaji Mangaji,** Village Nabhoi, Tal/Dist. Gandhinagar.
40. **Ramanji Mangaji Village** Nabhoi, Tal/Dist. Gandhinagar.

41.1. **Sitaben Amartaji Mangaji,** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment as per Honourable Court's Order Dated 27/09/19 in CS 1/18
41.2. **Shaileshji Amartaji Mangaji,** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment as per Honourable Court's Order Dated 27/09/19 in CA 1/18
41.3. **Vinodji Amartaji Mangaji,** Vill. Nabhoi, Dist. Gandhinagar Amendment as per Honourable Court's Order Dated 27/09/19 in CA 1/18

42. **Sarsangji Mangaji,** Village Nabhoi, Tal/Dist Gandhinagar.
43. **Dahiben, W/o. Deased Manaji Punjaji** Thakor Vas Moje Nabhoi, Taluka-Dist. Gandhinagar (Amended as per Hon'ble Court's Order Dtd. 28/07/2016) (Amended as per Court Order 27/09/2019 in CA 1/2019)
44. **Bhikaji Mangaji,** Dehgam, Dist. Gandhinagar.
45. **Madhiben D/o. Deseased Majani Punjaji** "Thakor Vas", Moje: Khodiyar, Taluka Daskroi, Dist. Ahmedabad. (Amended as per Hon'ble Court's Order Dtd. 28/07/2016)
46. **Bebiben D/o. Deseased Manaji Punjaji** Dehgam, Dist. Gandhinagar.
48. **Sobhanaben D/o. Gulabji Punjaji Heirs of Galbji Punjaji,** Dehgam, dist. Gandhinagar.
49. **Hiraben W/o. Deceased Dahyaji Punjaji** "Thakor Vas" Moje; Nabhoi, Taluka: Gandhinagar, Dist. Gandhinagar. (Amended as per Hon'ble Court's Order Dtd. 28/07/2016)
50. **Madansang Dahyaji Heir of Deceased Dahyaji Punjaji,** Dehgam, Dist. Gandhinagar.
51. **Ranchod Dahyaji Heir of Deceased Dahyaji Punjaji,** Dehgam, Dist. Gandhinagar.
53. **Maganji Gabhaji Heir of Gabhaji Chhaganji,** Village. Nabhoi, Tal. & Dist. Gandhinagar.
54. **Kesarben D/o. Ghabhaji & Wife of Chudaji Shanaji,** Village. Vasana, Taluka City, Dist. Ahmedabad.
55. **Gopal Chaturbhai Amin,** Residing at C/123, Cozy Corner, Someshwar Park, Vibhag-3, Thaltej, Ahmedabad.

55.1. **Manjulaben Gopal Amin,** C-124, Someshwar Park, Part-1, Near Gulab Tower, Behind Hotel Cambay, Sola, Ahmedabad (Amended as per Hon'ble Court's Order Dated 08.12.2016 in CA/12482/16)
55.2. **Hiren Gopal Amin,** C-124, Someshwar Park, Part-1, Near Gulab Tower, Behind Hotel Cambay, Sola, Ahmedabad (Amended as per Hon'ble Court's Order Dated 08.12.2016 in CA/12482/16)

56. **Registrar of Co. Opsocities Gujarat State,** Gandhinagar.
57. **District Registrar of Co. Op. Societies,** Gandhinagar, Dist. Gandhinagar.

Take Notice that the Petitioner(s) above named have presented a Petition numbered as SPECIAL CIVIL APPLICATION no. 4881 of 2002 to this High Court under the Articles 226, 227 of the Constitution of India praying at Para 26 (A) to call for the record and proceedings of Regular Civil Suit No.30 of 1998 of the Court of Civil Judge, Gandhinagar and be pleased (1) to declare that the Consent Terms filed in the said proceedings are a fraudulent, collusive, unlawful and non est.(2) to quash and set aside the Order recording the said Consent Terms and the consequential decree dated 27th March 2002 passed in the said suit and other reliefs sought in paragraphs 26(B) to (H) of the Petition and etc... and this Court having on 31st day of March, 2022 in CIVIL APPLICATION No. 1 of 2022, ordered to issue Substituted Service of Notice of Rule to all the the Respondents in Special Civil Application No. 4881 of 2002 with Civil Application No. 1/2002 (Civil Application No.4959 of 2002) with Civil Application No. 1/2004 (Civil Application No. 3491 of 2004) with Civil Application No. 2/2019 with Civil Application No. 1/2020 with Civil Application No. 3/2021 by way of publication in two Gujarati daily newspaper namely (I) Gandhinagar Samachar and (ii) Divya Bhaskar, Gandhinagar Edition, for Gandhinagar District and in the Gujarati daily newspaper, Divya Bhaskar, for Ahmedabad.

You are hereby to take notice that the hearing of the said SPECIAL CIVIL APPLICATION No. 4881 of 2002 WITH CIVIL APPLICATION No. 1 of 2002(Civil Application No.4959 of 2002) WITH CIVIL APPLICATION No. 1 of 2004 (Civil Application No. 3491 of 2004) WITH CIVIL APPLICATION No. 2 of 2019 WITH CIVIL APPLICATION No. 1 of 2020 WITH CIVIL APPLICATION No. 3 of 2021 will take place on **15th day of June, 2022 at 11 AM peremptorily in this Court** and if no appearance is made on your behalf, by yourself, your advocate or by someone authorised by law to act for you, it will be heard and determined in your absence.

Witness ARAVIND KUMAR, Esquire the CHIEF JUSTICE at Ahmedabad aforesaid this **31st day of March, 2022.**

SEAL

**By the Court**
**(VICTOR A. LUCAS)**
**Assistant Registrar**